દિવાની પરચુરણ અરજી નં. : ૧૭/૨૦૨૫.

આંક :૧ નીચે હુકમ.

૧) અરજી વંચાણે લીધી. અરજીના અનુસંધાને અરજદારની અરજીની ટૂંકી હકીકતો મુજબ, આ કામના અરજદારે સામાવાળા પ્રતિવાદી સામે રૂા.૧,૧૧ ,૨૩૦/- વસુલ મેળવવા અંગે દાવો તા. ૦૯/૧૨/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ અને તે કામે પ્રતિવાદી ને સમન્સ બજવણી થયા પછી પ્રતિવાદી તા. ૧૬/૧ ૦/૨૦૨૩ના રોજ હાજર થયેલ ત્યાર બાદ પ્રતિવાદી તરફે કોઈ રજુઆત થવા પામેલ નહી તેમજ પ્રતિવાદી હાજર પણ રહેલ નહી તેથી તા.૨૬/૦૨/૨૦૨૪ ના રોજ પ્ર તિવાદીના જવાબ બંધ કરવાનો હુકમ થયેલ છે. ત્યારબાદ વાદીના પુરાવા પર મુદત હોવાથી વાદી દવારા તા.૦૫/૦૭/૨૦૨૪ ના રોજ પ્રતીવાદીએ તેમનો પુરાવો રજુ કરેલ હતો. ત્યારબાદની મુદતો દરમ્યાન વાદી કે વાદીના વકીલ હાજર રહેલ ન હોવાના કારણ સબબ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ વાદીનો દાવો વાદીની કસુરના કારણે દાવો કાઢી નાખવાનો એટલે કે અરજદારનો દાવો ડી.ડી. કરવામાં આવેલ છે, જેથી દાવો ફરી ફાઈલે લેવા હાલની અરજી કરેલ છે.

અરજદારની હાલની અરજી લગત મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળાને નોટીસ કરતા તેઓ હાજર ન રહેતાં તા.૨૬/૯/૨૫ના રોજ સામાવાળા સામે એકતરફી કામ ચલાવવાનો હુકમ કરેલ.

૨) આ કામના અરજદારને પુરાવા રજૂ કરવા સારૂં પૂરતી તકો આપવામાં આવેલી હતી. અરજદારે તેમનો પુરાવો સર-તપાસનું સોગંદનામું રજૂ કરેલું છે. તેમજ ઉલટ-તપાસ સારૂં હાજર રહેલા નથી અને જેના કારણે વાદીનો દાવો યોગ્ય રીતે રદ કરવામાં આવેલો છે.

૩) આ કામે તા.૧૯-૧૨-૨૦૨૪ નાં રોજ પણ વાદીનો દાવો તેની ગેરહાજરીના કારણે આંક-૧ નીચે રદ કરવામાં આવેલો હતો. આમ, અરજદારે લાંબો સમય મળવા છતાં તેનો કેસ આગળ ચલાવવા સારૂં જરૂરી પગલાં લીધેલ ન હતા અને જેથી આ અદાલતે વાદીનો દાવો ડીસમીસ ફોર ડિફોલ્ટ કરેલ છે. આ કામે અરજદારે તેની ગેરહાજરી સારૂં માત્ર કાયદાકીય અજ્ઞાનતા અને અમારી શુધ્ધબુધ્ધિ પુર્વકની શરતચુકનું પરીણામ છે. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારની વાદી તરીકેની લાંબા

ગાળાની ગેરહાજરી જોતાં આ કારણ પૂરતું નથી. તેમ છતાં અરજદારને શરતોને આધિન જો હાલની અરજી મંજૂર કરી વધુ એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. અરજદારે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ખર્ચ પેટે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સુરેન્દ્નગરમાં જમા કરાવ્યેથી અરજદારની હાલની દાવો રીસ્ટોર કરવાની અરજી મંજૂર કરવામાં આવે છે.

૨. આ શરતનું પાલન થયેથી અરજદારને આપવામાં આવેલ મુદત તારીખે ઉલટ–તપાસ સારૂં હાજર રહેવાની અને સામાવાળાના વિ.વ.શ્રી તે મુદત તારીખે ઉલટ–તપાસ કરવાની તાકિદ કરવામાં આવે છે.

૩. જો અરજદાર તેને આપવામાં આવેલ મુદત તારીખનાં રોજ હાજર ન રહે તો આ હુકમથી અરજદારનો દાવો આપોઆપ રદ થયેલો ગણાશે.

હુકમ આજ રોજ તા. ૬ મી, માહે: માર્ચ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૬/૦૩/૨૦૨૬
સ્થળ: સુરેન્દ્રનગર.

**(તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા)**
ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ
અને એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર
**UIC No.GJ01399**